## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*લ્યો ! સુભાષબાબુ ને પણ ખેસ પહેરાવી દીધો !*
*બચ્યા'તા એકમાત્ર નેતા ભાજપી ઠરાવી દીધા !*
*ડરાવી દીધા કોંગીજનોને - સાચવો 'ઈંદિરજી' -*
*ઉઠાંતરીમાં છે એક્કા, કપટથી હરાવી દીધા !*

**હાઈકુ**

*વિસ્મય ભરી,*
*નજરે જોયા કરે !*
*નાટક બધું*
*(કમળમાં કેદ સરદાર)*

*રડે ઐક્ય ને*
*મીણ જેવા થઈને -*
*લોહ પુરુષ...*
*(સમાજની ચિંતા)*

### ચિંતન

*શ્રુતિ પ્રમાણે કમતઃ સ્વધર્મ નિષ્ઠા તંચૈવાત્મવિશુદ્ધિરસ્ય ।*
*વિશુદ્ધબુદ્ધેઃ : પરમાત્મવેદનં તેનૈવ સંસાર સૂલનાશઃ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જેને શ્રુતિરૂપી પ્રમાણમાં પાકો વિશ્વાસ હોય તેની સ્વધર્મમાં નિષ્ઠા થાય છે ને નિષ્ઠા થતાં આત્મા-બુદ્ધિની શુદ્ધિ થાય છે. વિશુદ્ધ-બુદ્ધિવાળા જીવનને પરમાત્માનું જ્ઞાન થાય ને તે જ્ઞાનથી જ સંસારનો મૂળ સાથે નાશ થાય છે.

સ્વધર્મની નિષ્ઠા જ ધર્માચરણમાં વિશ્વાસ પેદા થાય છે. જ્યાં સુધી સ્વધર્મના જ્ઞાનમાં સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ આવે નહીં ત્યાં સુધી આત્મા અને બુદ્ધિમાં શુદ્ધ-સાત્વિકતા આવતી નથી. દ્વંદ્વમાં વિભાજિત વિશ્વાસ વિનાશનું કારણ બને છે.

### સુવિચાર

- દુનિયાની કોઈ જગ્યા ભયથી મુક્ત નથી, સજ્જનો ને બધે જ દુર્જનો મળી જાય છે - **ઓશો**
- જે દિમાગને મહેકાવે એ જ્ઞાન નથી, જે મનને સ્થિર કરે, શાંત કરે એ જ જ્ઞાન છે - **એસ. ભક્તાચાર્ય**
- જ્ઞાનમાં પુરુષાર્થ ન હોય, શક્તિ નિર્માણ કરવાનો ગુણ ન હોય તો પછી જ્ઞાન કે અજ્ઞાનમાં કાંઈ જ ફરક નથી - **જનકલ્યાણ**
- ભગવાન એટલું જ કહે છે કે વ્યવહારમાં કોઈને બાધકરૂપના થાય એવો વ્યવહાર હોવો જોઈએ !! - **ડો. નિરુબહેન અમીન**
- ચારિત્ર એટલે 'ક્રોધ, માન, માયા, લોભનો અભાવ' - **આસમ્રૂત**
- આખી જિંદગીના દરેક કાર્ય જો ફિલ્મની પેઠે જોવામાં આવે તો કોઈ કાર્ય એને અડે નહીં - **હરિભાઈ કોઠારી**
- આજનું ઔષધ : આંબાના પાન ઉપર દીવેલ લગાવી તેના પર થોડું મીઠું ભભરાવી મચકોડવાળા ભાગ ઉપર મૂકી પાટો બાંધવાથી ફાયદો થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રમણ મહર્ષિ સારા બાણાવળી પણ હતા. એક વાર તેમણે એક શિષ્યને લઈને જંગલમાં જવાનું નક્કી કર્યું કે જેથી શિષ્યને બાણાવળી શીખવી શકાય. રમણ મહર્ષિએ એક ફૂલ લઈ ઝાડની એક ડાળી પર મૂકી દીધું. પછી શિષ્યને કહ્યું, 'કાળો પાટો મારી આંખ ઉપર બાંધી દો.' શિષ્યે પાટો બાંધ્યો. મહર્ષિ એ પછી શિષ્યને પૂછ્યું, 'તેં મને ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતાં કેટલી વાર જોયો છે ? શિષ્યએ કહ્યું, 'ગુરુદેવ હું તો આપને રોજ જોઉં છું.' આંખો પર પાટો હતો છતાં મહર્ષિ એ ઝાડ પરના ફૂલ તરફ તીર છોડ્યું, પણ ઝાડ પરનું ફૂલ વિંધાયું નહીં. અને તિરનું નિશાન નિષ્ફળ ગયું. મહર્ષિએ પૂછ્યું, 'શું પેલું ફૂલ વિંધાઈ ગયું ?' શિષ્યે ના પાડી. અને કહ્યું, 'મને થયું હતું કે આપ મને મારી સંકલ્પશક્તિ મને બતાવવા માગતા હશો.' મહર્ષિ એ કહ્યું, 'મેં તો તને સંકલ્પશક્તિનો સૌથી મહત્વનો પાઠ તો શીખવ્યો છે. તમે જે વસ્તુઓની ઈચ્છા કરો તેના પર તમારું ધ્યાન સંપૂર્ણ કેન્દ્રિત કરો પણ જો લક્ષ્ય પર તમારી નજર કે ધ્યાન નહીં હોય તો તમે તેને ભેદી શકશો નહીં.' શિષ્યને ગુરુદેવનો પાઠ હવે સમજાયો.

# ગઠબંધનના નેતા તરીકે રાહુલને સ્વીકારવાનો સ્પષ્ટ ઈન્કાર

**તંત્રીસ્થાનેથી...**

નેશનાલિસ્ટ પાર્ટીના વડા શરદ પવારે કેટલી પેટછૂટી વાતો કરી છે જેમાં વર્તમાન કેન્દ્ર સરકાર કે મહારાષ્ટ્ર રાજ્ય સરકારમાં પરિવર્તન આવશે એવી ખાતરી ઉચ્ચારી છે. રાજનીતિના ચાણક્ય ગણાતા શરદ યાદવ મહારાષ્ટ્રના આધુનિક મરાઠા સરદાર તરીકે વર્ષોથી મહારાષ્ટ્ર તેમજ દેશભરમાં એમનું આગવું વજૂદ જાળવતા રહ્યા છે. એમને બહુ નાની વયે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે સુકાન સંભાળ્યું હતું અને પછીની ઘણી બધી કેન્દ્ર સરકારોમાં સિનિયર કેબિનેટ મંત્રી તરીકે કાર્યરત રહ્યા હતા જે પૈકી સંરક્ષણ મંત્રી તરીકેની એમની કામગીરી યાદગાર રહી છે. શરદ પવાર એક એવા નેતા છે જે કોંગ્રેસની સોનિયા બ્રાન્ડ નેતાગીરી સામે બળવો કરી જુદો ચોકો માંડ્યા પછી પણ એમનું વજનન અને વજૂદ જાળવી શક્યા છે. એમણે ક્યારેક કોંગ્રેસ સામે શિંગડાં ભિડાવ્યા છે તો ક્યારેક ભારતીય જનતા પાર્ટી અને શિવસેના સામે ઠક્કર ઝીલી છે. આમ છતાં તેઓ શિવસેનાના બાળાસાહેબ ઠાકરે અને કોંગ્રેસના નરસિંહરાવ - રાજીવ ગાંધી કે ખુદ સોનિયા-રાહુલ સાથે તથા ભાજપના અટલબિહારી વાજપેયીથી લઈ વર્તમાન નેતાગીરી સાથે અંગત સંબંધો ધરાવતા રહ્યા છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા એમના પરમમિત્ર છે અને જરૂર પડ્યે તેઓ નરેન્દ્ર મોદીની ટીકા કે પ્રશંસા - બેઉ આસાનીપૂર્વક અને પૂરી નિર્ભીકતાથી કરતા રહ્યા છે. એમનું સવિશેષ વજૂદ મહારાષ્ટ્ર પૂરતું જ મર્યાદિત હોવા છતાં વારંવાર એમનું નામ વડાપ્રધાન પદના દાવેદાર તરીકે ચર્ચાતું રહ્યું છે. જો કે ક્યારેક એમને સંસદમાં માત્ર નવા સભ્યોની સંખ્યા ધરાવતા નેતા તરીકે આવાં સપનાં નહીં સેવવા જોઈએ એવી ખુલાસાબંધ રજૂઆત કરી હતી. હવે જ્યારે વર્તમાન કેન્દ્ર સરકાર વિરુદ્ધ વ્યાપક લોકમત સરજાઈ રહ્યો છે અને મોદીની કરિશ્મામાં અણધારી ઓટ આવી ચૂકી છે ત્યારે વૈકલ્પિક નેતાગીરીનો નવો દોર શરૂ થઈ ગયો છે. જેમાં શરદ પવારનું નામ ફરી એક વાર વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ઊછળી રહ્યું છે. કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટી સાથે ગઠબંધન કરી નાના પ્રાદેશિક પક્ષો મોદીના હાથમાં સત્તા સેરવી લેવા માગે છે પરંતુ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવાની કોંગ્રેસની મશાનો તેઓ ધરાર વિરોધ કરી રહ્યા છે. મમતા બેનરજી અને શરદ પવાર જેવાં નામ વડાપ્રધાન પદની રેસમાં રહેશે, પણ એમનું નામ આગળ ધરીને કોંગ્રેસ લોકસભાની લડાઈમાં ઊતરવા ન જ માગે તે સમજી શકાય એવું છે. આખરે સંયુક્તપણે ચૂંટણી લડીને પહેલાં એનડીએને સત્તા પરથી હટાવવાના એક મુદ્દાના કાર્યક્રમ સાથે ગઠબંધન રાજનીતિ આગળ વધે એવી સંભાવના છે. શરદ પવારે મગનું નામ મરી પાડ્યા વગર અને પોતે રેસમાં હોવા મુદ્દે કોઈ ચોખવટ નહીં કરવા છતાં કોંગ્રેસના જ વરિષ્ઠ નેતા પી. ચિદંબરમને હવાલો આપી રાહુલ ગાંધી વડાપ્રધાન પદના ઉમેદવાર નહીં હોય, એટલું તો સ્પષ્ટ કરી જ દીધું છે. આ જ વાત મમતા બેનરજીના પ્રવક્તા ચંદન મુખરજી પણ કરી ચૂક્યા છે.

# માંડી મેં તો મનના ઉમંગ કેરી લ્હાણી રે !



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

માંડી મેં તો મનના ઉમંગ કેરી લ્હાણી રે !
જીવતર કાંટા ઝાઝેરા વીણીને
હૈયામાં દીધા ડુબાડી રે-
એ રે કાંટાનું આજ મધ બન્યું મીઠું
ફૂલડે સુગંધ ઉડાડી રે ,
માંડી મેં તો મનના ઉમંગ કેરી લ્હાણી રે !
સાગરજળની ખારાશ પીધી તો યે
તરસ ન મેઘ છિપાણી રે,
એની તે પ્યાસ ત્યારે જ બુઝાશે
જબ વર્સશે અમરતપાણી રે ,
માંડી મેં તો મનના ઉમંગ કેરી લ્હાણી રે !
મારા ઉમંગ કેરી લહેરખી છો ને હોય દેખાતી નાની રે,
સહેજે સહેજે આખા વિશ્વમાં વ્યાપે
હૈયામાં ના રહે સમાણી રે ,
માંડી મેં તો મનના ઉમંગ કેરી લ્હાણી રે !
નારાયણ દેસાઈ (ગાંધીગીતો)

ગાંધીનગર સમાચારમાં નવું નવું લખવાનું શરુ કર્યું ત્યારે આ કોલમનું શિર્ષક શું રાખવું તેનો હું વિચાર કરતો હતો. તે સમયે મોટેભાગે પ્રકૃતિવિષયક લેખો જ લખવા એવું ધાર્યું હતું. તેમાં પ્રકૃતિ ની સાથોસાથ સાહિત્યની વાતો પણ આવતી હતી. જીવનસુધારણાના લેખો અપાર સંખ્યામાં લખાય છે અને વંચાય છે. મારો આવું કશું લખવાનો કોઈ આશય ન તો ત્યારે હતો ના અત્યારે છે. ત્યાંજ એકાએક ''મનના ઉમંગો'' શિર્ષક મગજમાં પ્રગટ્યું. તુરત ગમી ગયું. તંત્રીશ્રી કૃષ્ણકાંતભાઈને પણ તે અનુકૂળ જણાયું. આમ આપણી મનના ઉમંગોની સરવાણી શરુ થઈ. એક દિવસ પુસ્તક પરબમાંથી ગાંધીગીતોની પુસ્તિકા મળી. શ્રી નારાયણભાઈ દેસાઈએ એક અનોખી ગાંધીકથા શરુ કરેલી. શ્રી નારાયણભાઈએ ગાંધીકથાને ગુજરાતના ખૂણે ખુણે પહોંચાડી છે. ગાંધીજીના જીવનની હજારો જાણીઅજાણી વાતો તેમણે આ કથા મારફતે પ્રજાના હદય સુધી મોકલી આપી છે. શ્રી નારાયણભાઈ દેસાઈ તેમની ગાંધીકથા દરમ્યાન કથાને સંગીતમય બનાવવા માટે વચવચમાં ગાંધીગીતો પણ ગાતા. તેની એક નાનકડી પુસ્તિકા બનાવાઈ છે. તેમાં આપેલા ગીતોમાંથી એક ગીત મને ખુબ ગમી ગયું. જે ઉપર તમે વાંચ્યું.આ ગીત વાંચ્યા પછી મને મનના ઉમંગો શિર્ષક પહેલાં કરતાં પણ અધિક

અનુસંધાન પાના નં ૭ પર

# ભાગ્ય પ્રાપ્તિ માટે સત્કર્મ અતિ આવશ્યક છે

સુશીલો માતૃપુણ્યેન, પિતૃપુણ્યેન ચાતુરઃ।
ઔદાર્ય વંશપુણ્યેન આત્મપુણ્યેન ભાગ્યવાન॥

અર્થાત્ કોઈ પણ મનુષ્ય પોતાની માતાના પુણ્યથી સુશીલ હોય છે, પિતાના પુણ્યથી ચતુર હોય છે, વંશના પુણ્યથી ઉદાર હોય છે અને પોતાના ખુદના પુણ્ય થકી તે ભાગ્યવાન હોય છે. તાત્પર્ય એ જ કે ભાગ્ય પ્રાપ્તિ માટે સત્કર્મ અતિ આવશ્યક છે.

એક પરિવારમાં પતિ, પત્ની અને તેના બે સંતાનો એમ બધા મળીને કુલ ચાર સભ્યો હતા. એક દિવસ સાંજે જમ્યા પછી પતિ-પત્ની મકાનની છત પર બેસીને વાતો કરી રહ્યા હતા. પતિએ કહ્યું, 'ગઈકાલે બાનો મારા મોબાઈલ પર કોલ આવેલો. બા બહુ દુ:ખી લાગતા હતા. ભાઈ અને ભાભી બાનું બરોબર ધ્યાન રાખતા નથી.' હજુ તો પતિ આગળ કંઈ બોલે એ પહેલાં જ પત્નીએ વચ્ચેથી વાત કાપતાં કહ્યું, 'ભાઈ કે ભાભી બાનું ધ્યાન ન રાખતા હોય તો એમાં આપણે શું કરવાનું ?'

પતિએ હળવેથી કહ્યું, 'હું વિચારું છું કે બાને આપણા ઘરે લઈ આવું. આ ઉંમરે આવી રીતે હેરાન થાય એ સારું ન લાગે. હું જીવતો હોઉં અને બાને તકલીફ પડે એ કેમ ચાલે ?'

પત્નીએ જરા ઊંચા અવાજે કહ્યું, 'તમને બાની તકલીફનો વિચાર છે અને મારી તકલીફનો કોઈ વિચાર નથી આવતો ? બા આવશે એટલે મારું કામ વધી જશે, મારી સ્વતંત્રતા છીનવાઈ જશે. મારે એમની સેવામાં રહેવું પડશે એ બધું મને ન પોસાય, માટે મહેરબાની કરીને આજ પછી આવી વાત કરતાં જ નહીં. તમને બહુ એવું લાગતું હોય તો બા પાસે આંટો મારી આવજો પણ બા મારા આ ઘરાં ના જોઈએ.'

બીજા દિવસે પત્ની કોઈ કામ માટે બહાર ગઈ એટલે પતિ બાને એમના ઘરેથી તેડી લાવ્યો. નીચેના રૂમમાં બા માટે રહેવાની વ્યવસ્થા કરી. પત્ની જયારે બહારથી ઘરે આવી, ત્યારે એમે નીચેના રૂમમાં કેટલોક સામાન બહારના હોલમાં પડેલો જોયો. એણે પતિને પૂછ્યું, 'આ સામાન રૂમમાંથી કેમ બહાર કાઢ્યો ?'



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

પતિએ દબાતા અવાજે કહ્યું, 'મારાથી ન રહેવાયું એટલે હું બાને તેડી લાવ્યો છું અને નીચેના રૂમમાં બાનો સામાન મૂક્યો છે એટલે વધારાનો સામાન બહાર કાઢ્યો.'

પતિની વાત સાંભળતા જ પત્નીનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. એ એમના પતિ પર રીતસર તાડુકી. 'મને તમારી મા આ ઘરમાં એક દિવસ પણ ન જોઈએ. મહેરબાની કરીને એમને પાછા મૂકી આવો નહીંતર હું મારા પિયર મારી બા પાસે ચાલી જઈશ.' નીચેના રૂમમાંથી અવાજ આવ્યો, 'બેટા, તારે મારી પાસે આવવાની જરૂર નથી. હું પોતે જ અહીંયા આવી ગઈ છું. જમાઈ એના બાને નહીં તારી બાને લાવ્યા છે કારણ કે એના ભાઈ-ભાઈ નહીં' તારા ભાઈ-ભાભી તારા બાને હેરાન કરતા હતા.'

પોતાની માનો અવાજ સાંભળીને પત્નીનો ગુસ્સો એક ક્ષણમાં અદશ્ય થઈ ગયો. દોડતી રૂમમાં ગઈ અને દરવાજો ખોલ્યો પોતાની માને નજર સામે જોતા જ રડતા રડતા માને વળગી પડી. પતિએ પત્નીને કહ્યું, 'તું તારી માને આટલો બધો પ્રેમ કરે છે તો પછી મને મારી માને પ્રેમ કરવાનો કોઈ અધિકાર નથી ?' દરેક સ્ત્રી પોતાના મા-બાપને જેટલો પ્રેમ કરે છે એટલો જ પ્રેમ એમના સાસુ-સસરાને કરી શકે તો કોઈ દિવસ એના મા-બાપ જુદા ન રહે.' દીકરી તરીકે તમારા માતાપિતાને તમારા ભાઈ અને ભાભી સાચવે એવું ઈચ્છો છો તો પછી વહુ તરીકે સાસુ-સસરાને સાચવવામાં શું તકલીફ પડે છે ?!

**સ્પર્શમણિ**

જરૂરી નથી કે બધું તોડવા માટે પથ્થર જ જોઈએ, સૂર બદલીને બોલવાથી પણ ઘણું બધું તૂટી જાય છે.

rasikvaland1965@gmail.com
mo. 9913426949

# કોઈની મદદ માટે લંબાવેલો હાથ પ્રભુને પ્રાર્થના કરવા જોડેલા બે હાથ કરતાં વધુ કિંમતી છે

'દૂર હટ અહીંથી.'ગુસ્સાથી તેણે આંખ લાલ કરી.

'.....'

'બસ, બે હાથ આપ્યા છે એટલે લાંબા કર્યા ને લાગ્યા ભીખ માગવા.' કાર્તિકને તે ભિખારી પર ચીડ ચડી.

'...'

'કંઈ શરમ જેવું છે કે નહિ.'લાઈનમાં ઊભેલા એક જણે રોષ પ્રકટ કર્યો.

'....'

શ્રાવણનો સોમવાર હતો. શિવાલયમાં ભકતોની ભીડ સ્વાભાવિક હતી. મંદિર બહાર ભિખારીઓ ભીખ માંગતા હતા. મંદિરમાં દર્શન માટેની લાંબી લાઈનમાં કાર્તિક પણ ઊભો હતો. તેના હાથમાં મહાદેવ પર અભિષેક કરવા માટે જલ અને દૂધ પણ હતા. લાઈનમાં ઊભેલાં દરેકના હાથમાં પ્રભુને અર્પણ કરવા માટે ફલ-ફૂલ-નારિયેળ વગેરે હતા. ભિખારીએ ભીખ માગવા ફરી પ્રયત્ન કર્યો.

'બે દિવસથી ભૂખ્યો છું, સાહેબ.'

'આઘો જા હવે......'

'સાચે કહું છું.... સાહેબ.... દયા કરો.'

કાર્તિકે ગંભીરતાથી ભિખારી તરફ નજર નાખી. ભિખારીના બન્ને પગ લકવાગ્રસ્ત હતા. ખરેખર અપાહિજ હતો. કાર્તિક લાઈનમાંથી બહાર નિકળ્યો. તેને દયા આવી. કાર્તિક પોતે જે દૂધ અભિષેક માટે લાવ્યો'તો તે ભિખારીને આપી દીધું. ભૂખથી પીડાતા ભિખારીએ દૂધ પીવાનું શરૂ કર્યું. હવે કાર્તિક અભિષેક કરવા માટે ની લાઈનમાં પાછો જઈ શકયા નહિ. ભગવાનને દૂધ ન ચઢાવ્યાનો અફસોસ પણ રહયા ન ભિખારીના મુખ પરની ખુશી લઈને ઘરે ગયો. ઘરે આવીને માતાને બધી વાત કરી. માતા ખુશ થઈ, બોલી, 'પ્રભુ તારું ભલુ કરે, મારા દીકરા!'



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડો. સંતોષ દેવકર

કાર્તિક ને કરેલા કર્મનો આત્મસંતોષ મળી ગયો હતો. મા ને ખુશ જોઈ કાર્તિકના મનમાં એક પ્રસન્નતાનું મોજું ફરી વળ્યું હતું. સમય થતાં કાર્તિક ઓફિસે જવા નિકળી ગયો.

કોઈની મદદ માટે લંબાવેલો હાથ પ્રભુને પ્રાર્થના કરવા જોડેલા બે હાથ કરતાં વધુ કિંમતી છે. ભગવાનને અભિષેક ચોકકસ કરવો જ. આપણે પથ્થરમાં ભગવાનને જોવાની દૃષ્ટિ કેળવી શકયા પરંતુ જીવંત માણસમાં સંવેદનાની જયોત પ્રગટાવી ન શકયા. આજનો યુવા વિચારશીલ છે, ટેકનોસેવી છે. તેને ચોકકસ પ્રશ્નો થાય જ. પ્રભુ કયાં વસે ? સોનાની મૂર્તિમાં કે પછી બાળકના નિર્દોષ હાસ્યમાં ? પ્રભુ કયારે ખુશ ? છપ્પન ભોગના ચઢાવામાં કે પછી ગરીબ અને ભૂખ્યા બાળકોને જમાડવામાં ? પ્રભુ કયારે પ્રસન્ન ? મહંત-મૂલ્લાની સેવા કરવામાં કે મા-બાપની સેવામાં ?તેના મનમાં વાવાઝોડાની જેમ વિચારો ફંગોળાતા રહયાં. ઘરડા મા-બાપ ને દુ:ખી કરીને વૃધ્ધાશ્રમમાં દાન આપનારા નરબંકાઓ આપણી આસપાસ મળી આવે છે.

મંદિર-મસ્જિદ અને દેવળની ઉપર હજી એક લેવલ છે તેનું નામ છે : માનવતા. અન્યને ઉપયોગી થવું અને અન્ય માટે ઘસાવું એ જ મનુષ્યત્વ છે. બાકી રોટલો તો શેરીનો કૂતરો પણ મેળવી લેતો હોય છે.

માણસમાં મનુષ્યત્વનું ખીલવું એ એક સાત્વિક ઘટના છે. આ ઘટના બધાના નસીબમાં કયાંથી ?

તો પછી ધર્મ કે મજહબ શું છે.? અનાયાસે સામેની દિવાલ પર કાર્તિકની નજર પડી. લખ્યું હતું.

મસ્જિદ કી ખીર ભી ખાતે હે મંદિરકા લડડૂ ભી ખાતે હે
જો ભૂખે ઔર ગરીબ હે સાહબ,
વો મજહબ કહાઁ સમજ પાતે હે.

કાર્તિકને સાચી ભકિતનો ખ્યાલ આવવા લાગ્યો હતો. ખરો ધર્મ સમજાવા લાગ્યો હતો. ઘરે મા-બાપ પ્રસન્ન હોય તો ચારધામ યાત્રાની જરૂર નથી. ઘરમાં પૈસો પ્રમાણિકતાના રસ્તે આવતો હોય તો કથા સાંભળવાની જરૂર નથી. ભૂખ્યાને જમાડવાથી ખુશી મળતી હોય તો છપ્પન ભોગની જરૂર નથી. અનાથ બાળકોના મુખ પર હાસ્ય રેલાવી શકતાં હોય તો સત્સંગમાં જવાની જરૂર નથી. ટ્રેન આવતા કાર્તિક ટ્રેનમાં બેસી ઓફિસ તરફ રવાના થયો.

**મિસરી**

નથી મંદિરોની તું પ્રાર્થના, નથી મસ્જિદોની નમાજ તું
કદી માવડીનાં તું આંસુમાં, કદી સ્મિત બાળનું થઈ ગયો. - ગૌરાંગ ઠાકર

# સુપ્રિમ કોર્ટ, સરકાર કે સંત માત્ર નહીં પ્રત્યેક માનવીના સક્રિય સહયોગથી જ અમન અને શાંતિ શક્ય છે

સમગ્ર દુનિયામાં આત્મિક શાંતિના દુત તરીકે ઓળખાતો આપણો દેશ છેલ્લા ઘણા સમયથી અનેક અશાંતિઓમાંથી પસાર થઈ રહ્યો છે. દુનિયાને સાચું જીવનદર્શન, આધ્યાત્મિકતા, પરમશાંતિની રાહ ચીંધનાર અનેક વિભૂતીઓ ભારતદેશની દેણ છે. ગીતા, વેદ અને ઉપનિષદ જેવા મહાનગ્રંથોનું જેને પીઠબળ છે એવી આપણી સંસ્કૃતિ...આપણી વિચારધારા ને નજર લાગી ગઈ હોય એવું લાગે છે.ચોતરફ અસહિષ્ણુતા, અસંતોષ અને પાપાચાર પૂરજોશમાં છે. દરેકે દરેક વ્યક્તિ મૂંઝવણ અને ચિંતાના વમળમાં ફસાયેલો છે. ધર્મવાદ અને રાજકારણ આ માહોલને વધુ ગહેરો બનાવે છે. આત્મહત્યા, બળાત્કાર, ખૂન, ટોળાંશાહીના ભયથી પ્રત્યેક જણને ક્ષણે—ક્ષણ અસલામતિ વર્તાઈ રહી છે. આ બધામાં સુધારાની દિશામાં સક્રિયતા બતાવવા સરકાર અને કોર્ટ પણ મેદાને પડ્યા છે. ત્યારે વાતાવરણમાં વધુ વમળો પેદા થાય છે.

> **દેશના ઇતિહાસમાં અનેક સ્ત્રી પાત્રોની વીરતા, પવિત્રતા, સતીત્વ અને સૂઝની ગાથાઓથી પાનાંઓ ભર્યા પડ્યાં છે, છતાં સ્ત્રીઓનો સંઘર્ષ કેમ સમાપ્ત થતો નથી ?**

સ્ત્રી સશક્તિકરણની વાતો વર્ષોથી કરવામાં આવે છે. અનેક કાયદાઓ થકી સ્ત્રીને સુરક્ષા આપવાના પ્રયત્નો પણ થયા છે, પરંતુ એ બધું જ એટલું અસરકારક નીવડ્યું નથી. સ્ત્રીઓનાં અતિ નાજુક પ્રશ્નોને વાચા આપવાનો સરકાર અને કોર્ટ દ્વારા પ્રયત્ન થઈ રહ્યો છે. સ્ત્રીની તરફેણમાં, એના પક્ષને મજબૂત કરવાના દાવા સાથે તાજેતરમાં કોર્ટ દ્વારા ઐતિહાસિક નિર્ણયો લેવાયા. જેના સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા. આ ચૂકાદાને સંપૂર્ણપણે સ્વીકૃતિ નથી મળી રહી. આમ જોઈએ તો કાયદાની કલમો છેવટે દળદાર ગ્રંથના પાનામાં જ સમાઈને રહી જાય છે, એ આપણે અનેક ઘટનાઓ અને દર્દનાક કિસ્સાઓમાં જોયું જ છે. વુમન એમ્પાવરમેન્ટ એ અનેક સરકાર માટે ખૂબ માનીતો વિષય રહ્યો છે. એના માટે ખૂબ નાણાં ફાળવવામાં આવે છે. અનેક કાર્યક્રમોના આયોજનો થાય છે. પરંતુ કંઈજ બદલાતું નથી, એવી સતત ફરિયાદો અને નિષ્કર્ષને કારણે હાલમાં કોર્ટ, નામદાર શ્રી જજ સાહેબે કેટલીક અરજીઓને ગંભીરતાથી લઈ સ્ત્રીઓની લાગણી—સંવેદનાઓને સુરક્ષા આપવાના પ્રયત્નો કર્યા હોય એવું લાગી રહ્યું છે.



**અબીલ-ગુલાલ**

મમતા રાવલ

' ત્રિપલ તલાક ' રદ કરવાનો ચૂકાદો એક આવકારદાયક પગલું છે. હજારો વર્ષથી પીડાતી મુસ્લીમ સ્ત્રીને બાહ્ય દુનિયામાંથી સહાનુભૂતિ અને સહકાર સાંપડ્યો છે એ એક ખૂબ હકારાત્મક ભાવ જગાડનારી ઘટના છે. ભારત જેવા દેશ પાસે આ અપેક્ષિત હતું જ...દેર આયે દુરસ્ત આયે. આવીજ બીજી એક ઘટના શબરીમાલા મંદિરમાં સ્ત્રી પ્રવેશ મુદ્દે હમણાં ચાલી રહી છે. પોતાના હક્ક માટે લડતી સ્ત્રી મરણિયા પ્રયાસો દ્વારા સખત સંઘર્ષ સાથે સમાજના ઠેકેદારો સાથે બાથ ભીડી રહી છે. કોર્ટની પરવાનગી છતાં...સ્ત્રીનો આ સંઘર્ષ જડતા ભરેલી પરંપરા, અંધવિશ્વાસ અને સ્ત્રીના અવમૂલ્યનનો જીવતો જાગતો નમૂનો છે...દેશના ઈતિહાસમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, રાણી પદમાવતી...આવા અનેક સ્ત્રીપાત્રોની વીરતા, પવિત્રતા, સતીત્વ અને સૂઝની ગાથાઓથી પાનાંઓ ભર્યા પડ્યાં છે, છતાં સ્ત્રીઓનો સંઘર્ષ કેમ સમાપ્ત થતો નથી ? ઘર, શાળા, કોલેજ, નોકરી, ફિલ્મો કેટલીય જગ્યાઓ છે જ્યાં સ્ત્રીને સન્માન તો દૂરની વાત છે. પરંતુ ભયંકર અપમાનિત સ્થિતીમાથી પસાર થવું પડે છે. જે દેશમાં....

" યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ
યત્રૈતાસ્તુ ન પૂજ્યન્તે સર્વસ્ત્રાફલાઃ ક્રિયાઃ "
"।। યા દેવી સર્વભૂતેષુ, શક્તિરૂપેણ સંસ્થિતા
નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ ।। "

નું મહાત્મ્ય છે ત્યાં નવરાત્રીમાં નવદુર્ગાની પૂજા અને એની પાસે શક્તિની યાચના સાથે આરાધના કરનાર કેટલાય લોકો એવા છે જેને મા—પત્ની—બહેન—દીકરી— પ્રિયતમામાં રહેલી શક્તિસ્વરૂપાને નિહાળવામાં ચર્મચક્ષુની મર્યાદા નડીછે...અહમની દિવાલ નડેછે. કોર્ટ અને કાયદો શું કરી શકશે જ્યાં સુધી અંતરઆત્માનો અવાજ ખોવાયો છે.વિવેકભાન ભૂલાયું છે.પોતાના મનુષ્યજીવનનો સાચો ઉદેશભૂલાયો છે.

' સી'...'ની ચળવળ થકી સ્ત્રી ફરી એકવાર સમરાંગણમાં ઊતરી છે. એના વિશે ખૂબ મતમતાંતરો છે. કોઈ કહે છે સારું છે...એવા લોકોને ઊઘાડા પાડવા જ જોઈએ. કેટલાક એને સમાજની તંદુરસ્તી માટે અયોગ્ય લેખાવે છે. આ બધામાં મુખ્ય પાયાની વાત હરીફરીને એજ આવે છે કે આવું કરવાથી સ્ત્રીનું પોતાનું મન ફરી એજ યાતનામાંથી ગુજરે છે જે એના માટે અસહ્ય પીડાજનક રહી હોય. સમય ગુજરવા છતાં એ અંદર ધરબાયેલી પીડા ઓગળવાને બદલે અભિવ્યક્ત થવા બહાવરી બને છે અને એની સાથે બીજા કેટલાંય, યાતનાને દબાવીને બેઠેલા જીવો ફરી એ નર્કાગારમાં ધકેલાય છે. માનવના હદયને આટલી પીડા પહોંચે એવા કૃત્યો સ્વયં રાક્ષસી છે. સ્ત્રી હોય કે પુરુષ કોઈને પણ પીડા પહોંચાડવી એ અધમ કૃત્ય છે. સમાજ ખૂબ ખરાબ પરિસ્થિતીઓની ચરમસીમા તરફ છે. માણસના મન-હદયને છિન્ન—ભિન્નકરનારી ઘટનાઓ વચ્ચે સચ્ચાઈ અને સહદયતાનું ગળું સાવ ઘોંટાઈ રહ્યું છે. સ્ત્રી સમાજનું કેન્દ્રબિંદુ છે. દુનિયામાં જેટલું પણ સારું અને ગમતું છે એ બધું એના થકી જ છે. સમાજના મોભીઓ, વડિલો, સંત-મહાપુરુષો એ આ સ્ત્રી સન્માનના અભિયાનને ખૂબ વેગવાન અને સાર્થક બનાવવાની આવશ્યકતા છે. સ્ત્રીની પ્રકૃતિતો પાણી જેવી પ્રવાહી છે.જે દરેક સંજોગ અને સમય પ્રમાણે પોતાને ઢાળી લે છે. એ અસંતુલિતહશે એટલું સમાજનું પતન નક્કી છે. એને માટે કલમ ૪૯૭ રદબાતલ કરવાની જરૂર નથી.સ્ત્રીને પણ અનૈતિક સંબંધ માટે કાયદાકીય છૂટ આપવાથી સ્ત્રી સમાનતાની દિશામાં પગલાં લીધાનો સંતોષ બિલકુલ ગેરવ્યાજબી છે.

હાલમાં વિદ્યાપીઠના પદવીદાન સમારોહમાં ડો.પ્રકાશ આમ્ટે એ પોતાના વ્યાખ્યાનમાં ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે ' જીવન, સભ્યતાને આકાર આપનારી વિરાસત વિનાશના કગાર પર છે.' મનોમંથન અને ચિંતાથી ભરેલા આ સેવાભાવી સદ્પુરુષનું વાક્ય કેટલું સૂચક છે... હલબલાવી નાંખનારું પણ છે.

> **સ્ત્રી સમાજનું કેન્દ્રબિંદુ છે. દુનિયામાં જેટલું પણ સારું અને ગમતું છે એ બધું એના થકી જ છે. સમાજના મોભીઓ, વડિલો, સંત-મહાપુરુષો એ આ સ્ત્રી સન્માનના અભિયાનને ખૂબ વેગવાન અને સાર્થક બનાવવાની આવશ્યકતા છે. સ્ત્રીની પ્રકૃતિતો પાણી જેવી પ્રવાહી છે.જે દરેક સંજોગ અને સમય પ્રમાણે પોતાને ઢાળી લે છે. એ અસંતુલિત હશે એટલું સમાજનું પતન નક્કી છે.**

સ્ત્રી-પુરુષના પરસ્પર સંબંધો સ્વસ્થ બને એ તંદુરસ્ત સમાજની પાયાની જરૂરિયાત છે. કોણ વધુ સક્ષમ- એ હરિફાઈ ને બદલે...આ જીવનની ક્ષણભંગુરતા સમજીને આપણે સહુ સહિષ્ણુતા કેળવીએ. પ્રેમ અને સૌહાર્દને જીવનમાં પળ-પળ સ્થાન આપીએ. પહેલા માનવ છીએ, માનવનો આદર કરીએ. સ્ત્રી-પુરુષના ભાગલાં પાડી, એકબીજાને અપમાનિત કરી, નીચું દેખાડવાના પ્રયત્નોમાં અગ્રેસર ન બનીએ. જ્યાં આવું થતું હોય ત્યાં જવાબદાર માનવ તરીકે મધ્યસ્થી બની ભારત દેશની સુસંસ્કૃત સંસ્કૃતિના વાહક સાબિત થઈએ. અત્યારે સુપ્રિમ કોર્ટ, સરકાર કે સંત માત્ર નહીં પ્રત્યેક માનવીના સક્રિય સહયોગથી જ વાતાવરણ માં અમન અને શાંતિ શક્ય છે. આપણે આવનારી પેઢીને વારસામાં શું આપી રહ્યા છીએ? એ જોવાની જવાબદારી આપણા સહુની છે. જે બની રહ્યું છે એના પર ચર્ચા કરવા કરતાં શું સારું થઈ શકે એ દિશામાં વિચારોને વહેતા મૂકીએ. દરેક નાનાં પગલાં વાતાવરણમાં સુકુન જન્માવવામાં મદદરૂપ નીવડશે. પાણીની અછત, પેટ્રોલની અછત, ગ્લોબલ વૉર્મિંગ, પરમાણું શસ્ત્રો જેવી અનેક મોટી સમસ્યાઓ સામે ઝઝૂમવા મજબૂત મનોબળ ધરાવતો જનસમૂહ જરૂરી છે. એના સર્જનમાં પોતાનો ફાળો આપીએ એજ આ સમયની જરૂરિયાત છે. આ ચળવળમાં " સી'..." નો સૂર પૂરાવી શાંતિ પ્રસ્થાપિત કરવામાં યોગદાન આપવું વધુ કારગત લેખાશે...

# ચંદ્રપ્રભા વટી વિષે જાણવા જેવું...

આયુર્વેદમાં ઉત્તમ યોગોમાં ચંદ્રપ્રભા વટીની ગણના થાય છે. આમ જોઈએ તો ચંદ્રપ્રભા વટી એક બહુગુણી ઔષધ છે. તેના અનેક ઉપયોગો છે. સામાન્ય લાગતી ૫૦૦ મિલીગ્રામની ચંદ્રપ્રભા વટીની એક ગોળીમાં ૩૭ જેટલા ઔષધો અને મિનરલ્સ પડે છે. આ બધા ઔષધોના પોતાના આગવા ગુણો ઉપરાંત તે જ્યારે એક બીજાના સંયોગ રૂપે આવે ત્યારે વધુ પ્રભાવશાળી બને છે. સૌપ્રથમ આપણે ચંદ્રપ્રભા વટીમાં આવતા ઔષધો વિષે જોઈએ.

ચંદ્રપ્રભા વટી માં સમાવિષ્ટ ૩૭ જેટલા દ્રવ્યોમાં મુખ્ય બે દ્રવ્યો એટલે શુદ્ધ શિલાજીત (૩૨ ભાગ) અને શુદ્ધ ગુગળ (૩૨ ભાગ) છે. આ બંને વિશિષ્ટ ઔષધો છે. શિલાજીત શરીર માટે અનેક રીતે ઉપયોગી છે. તે શરીરને પુષ્ટ કરે છે, રોગપ્રતિકારક શક્તિ વધારે છે, અને ડાયાબીટીસમાં ફાયદાકાર છે. શુદ્ધ ગુગળ શરીરના વાયુને સમ કરે છે, વેદનાનું શમન કરે છે, અને શરીરના બ્લોકેજને દૂર કરે છે.

આ ઉપરાંત ચંદ્રપ્રભા વટીમાં લોહ ભસ્મ (૮ ભાગ) અને ખડી સાકર (૧૬ ભાગ) આવે છે. અહી એ જોવા જેવું છે કે ખડી સાકર આવવા છતાં ચંદ્રપ્રભા વટી એ ડાયાબીટીસનું શ્રેષ્ઠ ઔષધ છે. આ ઉપરાંત ચંદ્રપ્રભા વટીમાં ત્રણ જાતના લવણ (સિંધાલુણ, સંચળ અને બીડ લવણ), બે જાતના ક્ષાર (જવખાર અને સ્વર્જીકાક્ષાર), ત્રિફળા, ત્રિકટુ, કપૂર, વજ, નાગરમોથ, ગળો, હળદર, કરિયાતું, દેવદાર, વાવડીંગ, ત્રીવૃત્ત, દન્તી આદિ ઔષધો સમાવિષ્ટ છે.



**પહેલું સુખ તે જાતે નર્યા**

ડો. કેદાર ઉપાધ્યાય

હવે જોઈએ ચંદ્રપ્રભા વટીનાં ઉપયોગો. ચંદ્રપ્રભા વટી મુખ્યત્વે ડાયાબીટીસ (પ્રમેહ) અને મૂત્ર કે મૂત્રપિંડને લગતા રોગો (જેવાકે યુરીન ઈન્ફેકશન, કિડનીની બીમારી, પથરી, પ્રોસ્ટેટ) માટે આપવામાં આવે છે. આયુર્વેદમાં તો ચન્દ્રપ્રભાને આ ઉપરાંત સ્ત્રી રોગો, પાચનતંત્રનાં રોગો, આંખ અને દાંતના રોગો, કમળો, ભગંદર જેવા રોગોમાં પણ આપવામાં આવે છે.

ચંદ્રપ્રભા વટી મુખ્યત્વે પેશાબના રોગોમાં કારગત છે. પેશાબ ન ઉતરતો હોય કે ધીમો ઉતરતો હોય, યુરિનમાં પસ સેલ્સ વધુ હોય, પેશાબમાં બળતરા થતી હોય, આદિ રોગોમાં ચંદ્રપ્રભા વટી ખૂબ ફાયદાકાર છે. બીજી રીતે જોઈએ તો ચંદ્રપ્રભા શરીરના પિત્તનું શમન કરે છે જેથી પ્રમેહ અને મૂત્ર સબંધિત રોગોમાં ફાયદો મળે છે. જો નિયત માત્રામાં વૈદ્યની સલાહાનુસાર લેવામાં આવે તો ચંદ્રપ્રભા વટી ચમત્કારિક પરિણામો આપી શકે છે.

- (M) 9879471147